## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી... તમે કહ્યું કે દારૂ બનાવવાવાળા માલદાર થઈ ગયા પીનારા બરબાદ... એ સમજી ગયો...!! કાલથી પીવા કરતા દારૂ કેમ બનાવવો તેના પર ધ્યાન આપીશ...!

# સે-૨૪ પોસ્ટ ઓફિસનું સર્વર ખોટકાતા નાગરીકોને હાલાકી

## પોસ્ટ વિભાગને લગતી મોટાભાગની કામગીરી બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૯

પોસ્ટલ વિભાગ ગ્રાહકલક્ષી સુવિધાઓ ઝડપી બને તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પોસ્ટ ઓફિસો પણ બેંક જેવી સુવિધા સભર બનાવવાની કવાયત તંત્ર દ્વારા તેજ કરવામાં આવી છે. ત્યારે શહેરની પોસ્ટ ઓફિસમાં છાશવારે સર્વર ડાઉન થતા ગ્રાહકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. શહેરના સેકટર-૨૪માં છેલ્લા અઠવાડીયાથી પોસ્ટ કચેરીનું સર્વર ડાઉન થતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે.

ગાંધીનગર શહેરના નાગરીકોને સેકટરમાં જ પોસ્ટ વિભાગની વિવિધ સેવાનો લાભ મળી રહે તે માટે પોસ્ટ ઓફિસો તૈયાર કરાઈ છે. શહેરના સિનિયર સિટીઝનો સૌથી વધુ પોસ્ટ વિભાગની સેવાને પસંદ કરે છે. તો બીજી તરફ પોસ્ટ કચેરીઓ પણ હવે હાઈટેક બનતા બેંક જેવી સુવિધાઓ પ્રોવાઈડ કરે છે. જેથી પોસ્ટના ગ્રાહકોમાં પણ વધારો થવા પામ્યો છે. જેમાં ટપાલ સેવા, માસિક બચત, રીકવરીંગ થાપણો, ઈપીએફ, પોસ્ટલ ઈન્સ્યોરન્સ, સ્ટેમ્પ, કિસાન વિકાસ પત્રો, ઈન્દીરા વિકાસ પત્રો, સહિતની સેવાઓનો સમાવેશ થાય છે. ત્યારે ગ્રાહકો પોતાની પાસબુક લઈને એન્ટ્રી કરાવવા તેમજ વ્યાજ જમા થયું છે કે નહીં તે જાણવા માટે સેકટર-૨૪ પોસ્ટ ઓફિસમાં જાય ત્યારે સર્વર ડાઉન છે તેવા જવાબો સાંભળવા મળે છે. આ સાંભળીને ગ્રાહકો હેરાન પરેશાન થઈ ગયા છે. પોસ્ટ વિભાગની સેવામાં વારંવાર સર્વર ડાઉન થતા ઉમેદવારો પણ કંટાળી જાય છે. પોસ્ટ વિભાગની સેવાઓ ખાડે ગઈ હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે. નોકરી ઈચ્છુક ઉમેદવારોની ચલણ માટે પણ લાંબી લાઈનો લાગે છે. જ્યારે કેટલીક પોસ્ટ કચેરી દ્વારા મુખ્ય કચેરી જાવ ત્યાં ચલણ સ્વીકારવામાં આવે છે તેવા જવાબો પણ ઉમેદવારોને સાંભળવા મળે છે. ત્યારે સેકટર-૨૪ માં સર્વર ડાઉન થતા નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે તંત્ર દ્વારા ઝડપી સર્વર થાય તેની રાહ જોઈને સેકટરવાસીઓ બેઠા છે.

# આગામી દિવસોમાં ભારે ગરમી પડશે

## જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૯

છેલ્લા કેટલાક દિવસોથી હવામાનમાં પલ્ટો આવ્યો છે અને કેટલાક સ્થળોએ વરસાદ વરસ્યો છે. જો કે હવે આગામી દિવસોમાં આકરી ગરમી પડવાની સંભાવના છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે એપ્રિલ માસમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં બરફ પડે અને મે ગરમ ન રહે તો ચોમાસુ નબળુ આવે. ચૈત્ર માસ તપવો જોઈએ. ચૈત્ર માસમાં દરીયો તપે તો સારૂ. ચૈત્ર માસમાં ઈસ્ટ ગરમી પડતાં હવામાનમાં પલટો આવતાં ભારે ગરમી પછી વાદળવાયુના કારણે મહત્તમ ઉષ્ણતામાનમાં ઘણો ઘટાડો થયો હતો. જો કે હજુ ચૈત્ર માસમાં સખ્ત ગરમી પડવાની શક્યતા છે. ભૌગોલિક બાબતો જોતા મે માં ગરમી પડે અને આકાશમાં હિમસાગરના ચિન્હો જણાય તો ચોમાસામાં વરસાદ આવે, હવામાં ભેજ વધે તો ચોમાસુ વહેલુ આવવાનો અણસાર મળે. પરંતુ રાજ્યમાં હજુ પણ હવામાનમાં પલટા આવવાની શક્યતા રહે. જ્યારે અત્યારે હાલ એપ્રિલ માસમાં દક્ષિણ ગોળાર્ધના દેશોમાં મોસમનો મિજાજ પલટે અને તટ દેશોમાં પણ પર્યાવરણીય બેવડી ઋતુ જેવુ થઈ જાય. દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો જામે ત્યાર પછી જ હવામાનમાં આંકલન કરી શકાય.

નિરયણ મેષ રાશીમાં તા. ૧૪મી એપ્રિલે સૂર્ય આવતા દેસના દક્ષિણ તેમજ પૂર્વિય ભાગોમાં હળવા પ્રકારના ચક્રવાતો થવાની શક્યતા રહે. જ્યારે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હજુ પણ ઠંડી કે કરાના વરસાદની વકી રહેશે. એપ્રિલ તા. ૧૫ થી ૨૬માં દેશના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા રહેશે. વરસાદ વંટોળ જે ભાગમાં વાદળોને ખેંચી જશે એ ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહેશે. હમણાં ગરમી વધે. તા. ૧૯ એપ્રિલથી ગરમીમાં વધારો થાય. દક્ષિણ ભારત ઉપરાંત ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, વિદર્ભના ભાગો ગુજરાતના ભાગોમાં ગરમી વધે. આથી પવન પણ જણાય. એપ્રિલ તા. ૨૬થી સખત ગરમી પડે. વૈશાખમાં કોરમણના વાદળો આવે તો ચોમાસુ વહેલુ આવે. (આ આગાહી ભૂ. ભૌગોલિક બાબતો-ગ્રહ તેમજ અન્ય આધારે જણાવેલ છે.)

# સેક્ટર-૧૯માં વિજપોલમાંથી એલઈડી લાઈટની ચોરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર અજવાળાના ઓજસ પથરાય તે માટે એલઈડી લાઈટો તંત્ર દ્વારા ફીટ કરવામાં આવી છે. શહેરમાં સાંજ ઢળતા જ રોશનીથી ઝળહળી ઉઠે છે.

જ્યારે કેટલાક સ્થળો પર તંત્ર દ્વારા એલઈડી લાઈટોની જાળવણીના અભાવે અંધારપટ વ્યાપેલો જોવા મળે છે. ત્યારે સે. ૧૯ પ્લોટ નં. ૪૩ અને ૪૪ની વચ્ચે આવેલ વીજપોલમાંથી કોઈ અજાણ્યો શખ્સ એલઈડી લાઈટના વાયરો કાપી લઈ ગયો હોવાનું સેક્ટરના જાગૃત નાગરીકે જણાવ્યુ છે. જ્યારે તંત્ર દ્વારા મોંઘીદાટ ફીટ કરવામાં આવેલ લાઈટો ચોરાઈ ના જાય તે માટે પણ ખાસ તકેદારી તંત્રએ રાખવાની જરૂર ઉભી થઈ છે. ત્યારે ચારાયેલી લાઈટ અંગે યોગ્ય તપાસ થાય તેમ જાગૃત નાગરીક ઈચ્છી રહ્યા છે.

# રામમઢી જુનામાંકા હારીજ ખાતે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરાશે

## પૂ. પ્રાગદાસબાપાની ૧૯મી પૂણ્યતિથિ નિમિતે મારુતિનંદન યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૯



સનાતન ધર્મમાં અને ગોદડીયા પરંપરામાં હનુમાનજી મહારાજનું અતિ મહત્વ રહેલું છે. અને તેથી જ ગોદડીયા પરિવાર રામવાડી જૂનાગઢ દ્વારા દર વર્ષે હનુમાન જયંતિની ભારે ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ ગોદડીયા સંતોના આશિર્વાદથી પરમપૂજ્ય પ્રાગદાસબાપાની ૧૯મી પુણ્યતિથિ, હનુમાન જયંતિ મહોત્સવ, મારુતિનંદન યજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન તા.૧૧ એપ્રિલને મંગળવારના રોજ રામમઢી ગામ-જુનામાંકા તા.હારીજ જી-પાટણ ખાતે કરવામાં આવેલ છે. હનુમાન જયંતિના દિવસે સવારે ૭ કલાકે મારૂતિ યજ્ઞ ( ગોદડીયા પરંપરા મુજબ) યોજાશે તેમજ બપોરે ૧૨.૩૦ કલાકે હરિહર યોજાશે.આ પાવન મહોત્સવમાં સહકુટુંબ, મિત્ર મંડળ સહિત દર્શનનો લાભ લેવા મેનેજીંગ ટ્રસ્ટી એન.પી.પટેલ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## વોર્ડ નં. ૮ ખાતે કોર્પોરેટર દ્વારા લીમડાંના રસનું વિતરણ કરાયું

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સપ્તાહમાં સતત ત્રીજીવાર લીમડાંના મોર અને કૂણાં પાનના રસનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અગાઉ તા. ૩જીથી ૫મી માર્ચ દરમ્યાન સેક્ટર-૪માં ઓમકારેશ્વર મંદિર પાસે અને ત્યારબાદ સેક્ટર-૨ અને સેક્ટર-૩-ન્યુ ખાતે એક-એક દિવસ આ આરોગ્યલક્ષી લીમડાના મોરના રસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે. ૪માં ઓમકારેશ્વર મંદિરે ત્રણ દિવસ દરમ્યાન આશરે ૩૦૦થી વધુ નાગરિકોએ ૧૦૦ લીટરથી વધુ રસના વિતરમનો લાભ લીધો હતો. આ પ્રસંગે સેક્ટર-૪ના અગ્રણીઓ સહિત તેજાભાઈ દેસાઈ, મિહિર પટેલ, હરિશભાઈ અસારી, મહેન્દ્ર ભરાડા, રિતિકા મેણાત અને મુકેશ મારૂ જોડાયા હતા. સે. ૨ ખાતે યોજાયેલ વિતરણમાં વસંતભાઈ, ભાવસારભાઈ તથા મેહુલભાઈએ અને સે. ૩-ન્યુ ખાતે મિહિર પટેલે સેવાઓ આપી હતી. આમ વિતરણ કેન્દ્રો પર કોર્પોરેટર પાયલબેન મેણાત પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મીનરલ વોટરની પરબોનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઠંડા મિનરલ વોટરની પરબો શરુ કરવામાં આવી છે. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં દરેક માનવી ઠંડુ પાણી પીવા મળે તેવી ઈચ્છા રાખતો હોય છે. ત્યારે ધનિક વર્ગ તો ઠંડુ પાણીથી પોતાની પ્યાસ બુઝાવે છે.પરંતુ શહેરમાં શ્રમિક પરિવારોની હાલત કફોડી થાય છે. ત્યારે શહેરની સેવાકીય સંસ્થાઓ દ્વારા ઉભી કરવામાં આવતી ઠંડા પાણીની પરબો તેમના માટે આશિર્વાદરુપ સાબિત થાય છે.ત્યારે આ વર્ષે એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચ માર્ગ પર ચ-૩ સર્કલ પાસે તેમજ શહેરના ભીડભાડવાળા ઘ-૨ સર્કલ પાસે આવેલ અપનાબજાર ખાતે ઠંડા મીનરલ પાણીની પરબોનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ ગરમીમાં મજુર વર્ગ તેમજ મધ્યમ વર્ગના માણસો ખુબ જ મોટીસંખ્યામાં આ પરબના પાણીનો લાભ લે છે. જયારે ચ-૩ ખાતે ટ્રાફિકના જવાનો તેમજ અમદાવાદથી ગાંધીનગર આવતા વાહનચાલકો સૌથી વધુ લાભ મેળવે છે. ત્યારે છેલ્લા પાંચ વર્ષથી એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આ ઠંડા પાણીની મિનરલ વોટરની પરબો શરુ કરવામાં આવે છે. જે ખુબ જ નિયમિત રીતે નિભાવવામાં આવે છે. જયારે આ પાણી સેવામાં ઘણા સેવાભાવી નાગરીકોનો સાથ અને સહયોગ પ્રાપ્ત થાય છે.






## જીઈબી-ચરેડી વિસ્તારમાં આધારકાર્ડ કેમ્પ યોજાયો

ગાંધીનગરના પેથાપુર માર્ગ પર જીઈબી કોલેજ તથા ચરેડી વિસ્તારની ઝુંપડપટ્ટીમાં વસતા નાગરિકો માટે સ્થાનિક કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમાર દ્વારા આધાર કાર્ડ-ચુંટણી કાર્ડ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજરી પાર્ક ખાતે યોજાયેલ આ કેમ્પમાં સવારથી સાંજ સુધીમાં આશરે ૫૦૦ જેટલા વસાહતીઓએ મુલાકાત લઈ સેવાઓનો લાભ લીધો હતો. તથા આધારકાર્ડ કઢાવવા તજવીજ કરી હતી. આ કેમ્પમાં જે વસાહતીઓને આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડમાં ક્ષતિ કે અન્ય ફરિયાદો હોય તે અંગે માર્ગદર્શન આપી તેનો નિકાલ કરવા પ્રયત્ન હાથ ધરાયો હતો. સમગ્ર કામગીરી દરમિયાન કોર્પોરેટર રોશનબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# આયોજનબદ્ધ મોડલ શહેર જોવા લોકો સ્પેશ્યલ ગાંધીનગરની મુલાકાતે આવતા

## ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

રાજકીય ગતિવિધિઓથી ધમધમતા ગાંધીનગરનો વ્યાપ વધારવાનો હતો પરંતુ અત્યારે અનિયંત્રિત વિકાસ થઈ રહ્યો છે. અસલ ગાંધીનગરને ૧ થી ૩૦ સેક્ટરોમાં વહેંચવામાં આવેલું હતું. પદ્ધતિસરનું મોડલ ગાંધીનગરે અપનાવ્યું હતું. ગાંધીનગરના વિકાસમાં ચંદીગઢ મોડલને અનુસરવામાં આવ્યું છે. જો કે છેલ્લા ૨૦ વર્ષમાં પાટનગરનો વિકાસ અનિયંત્રિત બની ગયો છે. જૂના મોડલના ભૂક્કા બોલી ગયા છે. પહોળા માર્ગો, સેક્ટરોમાં બગીચા, રંગમંચ, આરોગ્ય સેન્ટર, સ્કૂલ અને શોપિંગ સેન્ટરની સુવિધા એ ઓરિજનલ ગાંધીનગરની ઓળખ હતી પરંતુ જ્યારથી પ્રાઈવેટ પ્લેયરો મેદાનમાં આવ્યા છે ત્યારથી ગાંધીનગરની સૂરત બદલાઈ ચૂકી છે. ટાઉન પ્લાનિંગના નિયમોને મારી મચડીને નવા એંગલમાં ફીટ કરવામાં આવ્યા છે. એક સુસંસ્કૃત શહેરની રોનક બદલાઈ છે. પદ્ધતિસરના ડેવલપમેન્ટની બાદબાકી થઈ છે. ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવાની જગ્યાએ સરકારે ગેરકાયદે બાંધકામો ઉભા કરવા દીધા છે પરિણામે આજે ગાંધીનગરને પાટનગર નહીં, દુર્ભાગ્યનગર કહી શકાય તેમ છે. ગુજરાત સરકાર આખા રાજ્યનો વહીવટ કરે છે તે શહેર જ અનિયંત્રિત બાંધકામોથી સજ્જ બની રહ્યું છે. એક સમય હતો કે જ્યારે ૧૯૮૦માં દેશની સરકાર મોડલ શહેરના દાખલ આપતી હતી ત્યારે તેમાં આયોજનબદ્ધ નગર તરીકે ગાંધીનગરનો ઉલ્લેખ થતો હતો. આજે સ્થિતિ સાવ અલગ છે.

### બગીચાઓ મરામતના અભાવે સૂના, બાળકોનો કિલ્લોલ રહ્યો નથી

**સ્પીડના બોર્ડ છે પણ વાહનોની સ્પીડ કાબૂમાં નથી...**

ગાંધીનગરના એવાં કેટલાક વિસ્તારો એવાં છે કે જ્યાં સાયલન્ટ ઝોન છે. સ્પીડ લિમીટ કરવાની આજ્ઞા છે. જ્યાં બોર્ડ લાગેલા છે ત્યાં જ લોકો તેનો ભંગ કરી રહ્યાં છે. નો હોર્ન પ્લિઝ લખ્યું હોય ત્યાં જ હોર્ન વગાડવામાં આવે છે. આ માર્ગ પર સ્પીડ લિમીટ ૪૦ની રાખશો તેવા સાઈન બોર્ડ છે પરંતુ એ સાઈન બોર્ડની સામે જ વાહન ૧૦૦ની સ્પીડે પસાર થાય છે. ગાંધીનગરમાં વાહન અકસ્માતના કેસોમાં જો ઘડાડો કરવો હોય તો સરકારે સ્પીડ લિમિટનો ફરજીયાત અમલ કરાવવો જોઈએ. ખુલ્લા માર્ગો પર બેફામપણે હંકારીને અકસ્માત કરનારા વાહનચાલકો માટે સજાની જોગવાઈ વધારવી જોઈએ. સરકારના નિયમો છે પણ તેના અમલ માટે કોઈ સ્ટાફ નથી. સચિવાલયમાં બોર્ડ છે કે અહીં ધુમ્રપાન કરવું નહીં, પરંતુ તે બોર્ડની નીચે જ ધુમ્રપાન કરનારા વ્યસનીઓ સરકારને જ પડકાર ફેંકી રહ્યાં છે.

**વિજયભાઇ, ગાંધીનગરના મુસાફરો સામે જુઓ...**

ગાંધીનગરના વિકાસમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમની આવશ્યકતા છે. હાલ એસટી નિગમની અનિયમિત બસોની જગ્યાએ શિડ્યુઅલ પ્રમાણેની મીની લકઝરી બસની સંખ્યા વધારવામાં આવે તો અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે અપ-ડાઉન કરતા મુસાફરોને મોતની સફર કરવી પડે નહીં. હાલ એસટીના વિકલ્પે મુસાફરો ખાનગી વાહનોમાં સફર કરી રહ્યાં છે. એસટી બસના કન્ડકટરો એસટી ડેપોમાં જ મુસાફરોને કહી રહ્યાં છે કે 'ઝડપથી પહોંચવું હોય તો પ્રાઈવેટ વાહનોમાં અમદાવાદ જાવ.' જાણે કે તેમના પ્રાઈવેટ વાહનો ચાલતા હોય...!! ગાંધીનગરને 'સિસ્ટર સિટી' તરીકેનું બિરૂદ આપવામાં આવ્યું છે પરંતુ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમથી આ પાટનગર બાકાત છે. અગાઉ જાહેરાત કરી હતી કે બીઆરટીએસ ગાંધીનગરના અક્ષરધામ અને મહાત્મા મંદિર સુધી આવશે પરંતુ તે માત્ર જાહેરાત જ હતી. શહેરી પ્રાઈવેટ સર્વિસ ચાલે છે પરંતુ સંચાલક પાસે આરામદાયક બસો નથી, ખખડધડ બસોથી શહેરના વિસ્તારોમાં ફરતી આ સર્વિસમાં ભયંકર ખામીઓ માલૂમ પડી છે. બીજી તરફ રીક્ષાના ઉચ્ચક ભાડાંના કારણે મુસાફરો પરેશાન છે. ખાસ કરીને ગાંધીનગર થી એસજી હાઈવે તરફ જતાં મુસાફરોને ફરજીયાત ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. બન્ને વિજયભાઈ- એક મુખ્યમંત્રી વિજય રૂપાણી અને એક એસટી નિગમના સુપ્રિમો વિજય નહેરાએ આ દિશામાં વિચારવું જોઈએ.

**ગુડા વિસ્તારને હવે તો નર્મદાના જળ આપો...**

તરસ્યા ન્યૂ ગાંધીનગરને નર્મદાના પાણી આપવા માટે કોની રાહ જોવામાં આવી રહી છે તે સમજાતું નથી. ગુડા વિસ્તારમાં હાલ એટલું ફાસ્ટ ડેવલપમેન્ટ ચાલી રહ્યું છે કે તળના પાણી મેળવવા હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગુડાએ એ પણ જોવાનું રહેશે કે જે રહેણાંકની સ્કીમોમાં બોરવેલથી પાણી લેવામાં આવે છે તે સ્કીમોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ છે કે કેમ, જો ના હોય તો જે તે સ્કીમના બિલ્ડરને આદેશ કરવો પડશે, કારણ કે ન્યૂ ગાંધીનગર કહેવાતા આ વિસ્તારોમાં બોરવેલના પાણી ખારા થઈ ચૂક્યાં છે. નર્મદાના પાણી આપવા માટેની પાઈપલાઈન તૈયાર છે, ઓવરહેડ ટાંકી પણ બનાવવામાં આવેલી છે. હવે ગુડાએ ન્યૂ ગાંધીનગરને પાણી આપવું જોઈએ. હાલ ગાંધીનગરમાં નર્મદાનું પાણી પુરૂં પાડવામાં આવે છે હવે ગુડાનું મૂહુર્ત ક્યારે નિકળશે તે પ્રશ્નાર્થ છે.

### પાટનગરના મુસાફરોનું વિચારો, બિચારા પ્રાઈવેટ વાહનોના સહારે છે

**ન્યૂ ગાંધીનગર એટલે સ્પીડબ્રેકરની નગરી...**

ન્યૂ ગાંધીનગરમાં બનાવવામાં આવેલા માર્ગોમાં એટલી મોટી સંખ્યામાં સ્પીડ બ્રેકરો મૂકી દેવામાં આવ્યા છે કે આખા રાજ્યમાં આટલા સ્પીડ બ્રેકરો ક્યાંય નહીં હોય, સરકારના માર્ગ-મકાન વિભાગના ધારાધોરણ પ્રમાણેના આ સ્પીડબ્રેકરો બનાવવામાં આવ્યા નથી. એની હાઈટ એટલી ઉંચી કરી દેવામાં આવી છે કે નીચી ગાડીઓની બોડી સ્પીડબ્રેકરો સાથે ભટકાય છે અને વાહનચાલકોને મેન્ટેનન્સના અસહ્ય ખર્ચા આપે છે. ૫૦૦ મીટરના રોડમાં ૧૦ સ્પીડબ્રેકરો મૂકવામાં આવેલા છે અને તે પણ નિયત ધોરણોથી વિપરિત ડિઝાઈનના બનાવેલા છે. આશ્ચર્ય એ વાતનું છે કે સફેદ પટ્ટા પણ નહીં હોવાથી ખબર પણ પડતી નથી કે સ્પીડબ્રેકર ક્યાં આવે છે. આ પ્રકારના સૌથી વધુ સ્પીડબ્રેકરો પહેલાં સરગાસણ થી મહાત્મા મંદિર જતાં માર્ગ પર બનાવવામાં આવ્યા હતા પરંતુ તે પણ નિયત ધોરણ કરતાં અલગ હતા તેથી ખુદ સરકારને જ આ સ્પીડબ્રેકરોની સાઈઝ અને ડિઝાઈનમાં ફેરફાર કરવો પડ્યો હતો.

### માર્ગો ઉપર સ્પીડ લિમીટના બોર્ડ છે પરંતુ વાહનોમાં બેફામ સ્પીડ છે

**ખાણી-પીણી બજારનું વાહન પાર્કિંગ અનિયમિત...**

ગાંધીનગરમાં જ્યાં જ્યાં ખાણી-પીણીનું બજાર છે ત્યાં વાહન પાર્કિંગ અનિયમિત છે. ખાસ કરીને કુડાસણ વિસ્તારમાં જેને ખાઉધરા ગલી કહેવામાં આવે છે ત્યાં માર્ગો પર વાહન પાર્કિંગ કરવામાં આવે છે તેથી આખો માર્ગ ભરચક બની જાય છે. ખાણી-પીણીની દુકાનો જ્યાં આવેલી છે તે સ્કીમોમાં પાર્કિંગની સુવિધા નહીં હોવાથી લોકો તેમના વાહનો માર્ગો પર પાર્ક કરીને લંચ કે ડિનર લેવા જતા રહે છે. આજે જો આ સ્થિતિ છે તો આવનારા પાંચ વર્ષમાં આ જાહેર માર્ગો એટલા ભરચક બની જશે કે લોકોને ચાલવાની પણ જગ્યા નસીબ નહીં હોય, ગુડા વિસ્તારમાં આવેલી આ ઈમારતોમાં નિયમિત પાર્કિંગ વ્યવસ્થા ઉભી થાય તે માટે વિચારવાનો સમય છે. હજી મોડું થયું નથી. ગાંધીનગર પોલીસ હેલ્મેટ અને સીટબેલ્ટનું ધ્યાન રાખે છે તેમ ટ્રાફિક નિયમનનું ધ્યાન રાખશે તો તે લોકોની સૌથી મોટી સેવા કહેવાશે.

**શિક્ષણ સંસ્થાના ૧૦૦ મીટરમાં જ પાનના ગલ્લા...**

ગાંધીનગરમાં શૈક્ષણિક વિસ્તારમાં જ પાન-બીડીના ગલ્લા આવેલા છે. સરકારના આરોગ્ય વિભાગના કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરતા આવા વ્યસનના સેન્ટરોને ખસેડવાનું તો દૂર વધુને વધુ સેન્ટરો સ્થપાઈ રહ્યાં છે. સરકારનો નિયમ છે કે સ્કૂલ કે કોલેજના ૧૦૦ મીટરના વિસ્તારમાં પાન-બીડી અને મસાલાના ગલ્લા ન હોવા જોઈએ પરંતુ ધ્યાને આવ્યું છે કે ૧૦૦ મીટરની અંદર જ આવા વ્યસન સેન્ટરો આવેલા છે. ગાંધીનગરમાં જ્યાં શૈક્ષણિક સંસ્થાઓ ધમધમે છે તેવા વિસ્તારોમાં જ એટલે કે એનઆઈડી. ઈન્ફોસિટી, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ, નિફ્ટ, પીડીપીયુ સહિતની યુનિવર્સિટી ની દિવાલને અડીને આવા સેન્ટરો સ્થપાઈ ચૂક્યાં છે. કહેવાય છે કે ઈન્ફોસિટી પોલીસ વિસ્તારમાં કામ કરતાં પોલીસ કર્મચારીઓને જલસા થઈ ગયા છે, કારણ કે ગાંધીનગરના બે પોલીસ સ્ટેશન કરતાં આ પોલીસ સ્ટેશનમાં નિમણૂક મેળવવા પડાપડી થાય છે. કારણ સૌ કોઈ જાણે છે...

**શહેરના બગીચા સુધારો, બાળકો રમી શકે...**

પાટનગરમાં બાળકોના મનોરંજન માટે બગીચા બનાવવામાં આવેલા છે પરંતુ મરામતના અભાવે બગીચા ખંડિયેર બની રહ્યાં છે. બગીચામાં પાણી છે પણ તેનો છંટકાવ કરવા માટે માળી નથી. બગીચાની સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલ છે પરંતુ સુરક્ષા જવાન નથી. કાળજી લેવાતી નથી તેથી વૃક્ષો અને ફુલછોડ સૂકાતા જાય છે. સરકાર જો બગીચાનો વહીવટ કરી શકતી ન હોય તો પ્રાઈવેટ પાર્ટીને ચલાવવા માટે આપી દેવા જોઈએ. ગાંધીનગરમાં પહેલું બ્લેક એન્ડ વ્હાઈટ ટીવી સેક્ટર-૨૮ના મુખ્ય બગીચામાં મૂકવામાં આવ્યું હતું ત્યારે શહેરના પરિવારો ટીવીના કાર્યક્રમો જોવા માટે બગીચામાં જતા હતા. ગાંધીનગરનું એકમાત્ર આકર્ષણ એવા આ બગીચામાં બાળકોનો એ કલરવ સંભળાતો નથી. આમ્રકુંજ સે આમ્રકુંજ ચાલતી ટ્રેનના ઠેકાણાં નથી. સરોવરના પાણી સૂકાય છે. બાળકોને પ્રિય એવા રમત ગમતના સાધનો તૂટી ગયા છે. એક સમયે ગાંધીનગરને ફુલોની નગરી કહેવાતી હતી આજે નગરી છે પણ ફુલો નથી. માવજત માટે સરકારી માળી નથી. સરકાર એક બાળક બનીને વિચારે અને બગીચાઓમાં બાળકોને ખુશીઓ ફરીથી ભરી દે...